For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# સુરત દુનિયાનું ઝડપથી વિકસતું બીજું સિટી



2 સુરત, ભારત — વાર્ષિક વસ્તી વૃદ્ધિ દર ૪.૯૯ ટકા

**વર્લ્ડ** પોપ્યુલેશન રિવ્યુ ૨૦૨૬ના રેન્કિંગ ઓક્ટોબરમાં બહાર પડેલો રિવ્યું

**વાર્ષિક** વસતી વૃદ્ધિ દર ૫.૨ ટકા સાથે ગાઝિયાબાદ દુનિયાનું સૌથી ઝડપથી વિકસતું શહેર

સુરત : દુનિયાના સૌથી ઝડપથી વિકસતા શહેરોઃ ગાઝિયાબાદ યાદીમાં મોખરેવર્લ્ડ પોપ્યુલેશન રિવ્યુના ફાસ્ટેસ્ટ ગ્રોઈંગ સિટીઝ ઈન ધ વર્લ્ડ ૨૦૨૬" રેન્કિંગ મુજબ, વાર્ષિક વસ્તી વૃદ્ધિની દ્રષ્ટિએ ગાઝિયાબાદ દુનિયાનું સૌથી ઝડપથી વિકસતું શહેર બની ગયું છે, ત્યારબાદ સુરત, કાબુલ અને લેગોસનો ક્રમ આવે છે. આ રેન્કિંગમાં દિલ્હીની બાજુમાં આવેલું ગાઝિયાબાદ આ રેન્કિંગમાં

...અનુસંધાન પાના ૧૫ પર

**ગાઝિયાબાદ, ભારત**



1 આ રેન્કિંગમાં ૫.૨ ટકાના સૌથી વધુ વાર્ષિક વસ્તી વૃદ્ધિ દર સાથે મોખરે છે

**ટુલુકા, મેક્સિકો**



5 મેક્સિકોનું ટુલુકા ૪.૨૫ ટકાના વાર્ષિક વસ્તી વૃદ્ધિ દર સાથે વૈશ્વિક રેન્કિંગમાં પાંચમા ક્રમે છે.

**પટના, ભારત**



8 બિહારની રાજધાની પટના ૪ ટકાના વાર્ષિક વસ્તી વૃદ્ધિ દર સાથે સંયુક્ત રીતે આઠમા ક્રમે છે

**કાબુલ, અફઘાનિસ્તાન**



3 અફઘાનિસ્તાનની રાજધાની કાબુલ ૪.૭૪ ટકાના વાર્ષિક વસ્તી વૃદ્ધિ દર સાથે ત્રીજા ક્રમે છે.

**લુબુમ્બાશી, કોંગો**



6 લુબુમ્બાશી ૪.૧ ટકાના વાર્ષિક દરે વસ્તીમાં વધારા સાથે છઠ્ઠા ક્રમે છે.

**રાજકોટ, ભારત**



8 રાજકોટ પણ ૪ ટકાનો વાર્ષિક વસ્તી વૃદ્ધિ સાથે વૈશ્વિક સ્તરે સૌથી ઝડપથી વિકસતા શહેરોમાં સ્થાન પામ્યું છે.

**લેગોસ, નાઈજીરીયા**



4 નાઈજીરીયાનું લેગોસ ૪.૪૪ ટકાના વાર્ષિક વૃદ્ધિ દર સાથે ચોથા ક્રમે છે.

**કંપાલા, યુગાન્ડા**



7 યુગાન્ડાની રાજધાની કંપાલા ૪.૦૩ ટકાના વાર્ષિક વસ્તી વૃદ્ધિ દર સાથે સાતમાં ક્રમે છે.

**ફરીદાબાદ, ભારત**



8 દિલ્હી-એનસીઆર (NCR) પ્રદેશનો ભાગ એવા ફરીદાબાદમાં ૪ ટકાનો વાર્ષિક વસ્તી વધારો નોંધાયો છે

**9** દક્ષિણ આફ્રિકામાં મોઝામ્બિકની રાજધાની માપુટો **10** દક્ષિણ આફ્રિકામાં અંગોલાની રાજધાની લુઆન્ડા

# CA ઈન્ટરમિડિએટ પરિણામ: સુરતનો પ્રેમ અગ્રવાલ સમગ્ર દેશમાં 3જા ક્રમે

**સુરત** બ્રાન્ચના 250 વિદ્યાર્થીઓએ બંને ગ્રુપમાં સફળતા મેળવી, 298 પ્રથમ અને 145 દ્વિતીય ગ્રુપમાં ઉત્તીર્ણ

**સુરતના** 13 વિદ્યાર્થીઓનો દેશના ટોપ 50 વિદ્યાર્થીઓમાં સમાવેશ

**રવિ** છાવછરિયાના સાત વિદ્યાર્થીઓ અને આદિત્ય છાવછરિયાના બે વિદ્યાર્થીઓ ટોપ-50માં



સુરતઃ ધ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઇન્ડિયા, નવી દિલ્હી દ્વારા સપ્ટેમ્બર-2026માં લેવામાં આવેલી સી.એ. ઇન્ટરમિડિએટ પરીક્ષાનું પરિણામ ગુરુવારે જાહેર કરવામાં આવ્યું હતું. પરિણામ જાહેર થતાં જ સુરતના સફળ વિદ્યાર્થીઓમાં ખુશીની લહેર ફરી વળી હતી. સુરતના કુલ 13 વિદ્યાર્થીઓએ ઓલ ઇન્ડિયા ટોપ-50માં સ્થાન મેળવી શહેરનું નામ રોશન કર્યું છે. જેમાં પ્રેમ અગ્રવાલે 490 ગુણ સાથે દેશભરમાં ત્રીજો ક્રમ મેળવી વિશેષ સિદ્ધિ હાંસલ કરી છે.

...અનુસંધાન પાના ૧૫ પર

## પરીક્ષા પૂરી થતાં જ ઇન્ટરની તૈયારી શરૂ કરી દીધી હતી: પ્રેમ અગ્રવાલ



દેશમાં 3જો ક્રમ મેળવનાર પ્રેમ અગ્રવાલે જણાવ્યું હતું કે, "વર્ષ 2025માં લેવાયેલી ફાઉન્ડેશનની પરીક્ષામાં 400માંથી 354 માર્ક્સ મેળવી હું દેશમાં બીજા ક્રમે આવ્યો હતો. પરીક્ષા પૂરી થતાં જ મેં ઇન્ટરની તૈયારી શરૂ કરી દીધી હતી. માત્ર બે મહિનામાં આખો સિલેબસ પૂરો કરી લીધો અને ત્યાર પછી રિવિઝન પર ધ્યાન આપ્યું. તૈયારી દરમિયાન કોઈ ડાઉટ આવે તો તેને ટાળવાને બદલે તરત જ કોચિંગના સરને પૂછીને ક્લિયર કરી લેતો હતો."

## સતત મહેનતના કારણે મળ્યો 12મો ક્રમ: મૌક્ષ જૈન



દેશમાં 12મો ક્રમ મેળવનાર મોક્ષ જૈનએ જણાવ્યું હતું કે, પરીક્ષાની દરેક ઝીણવટને સમજીને યોગ્ય વ્યૂહરચના સાથે અભ્યાસ કર્યો, જેનું પરિણામ આજે સૌની સામે છે. હવે સીએ ફાઇનલમાં દેશભરમાં વધુ ઊંચું સ્થાન મેળવવા માટે તૈયારીમાં કોઈ કસર બાકી નહીં રાખું.

## ફાઇનલમાં વધુ મહેનત કરીશું: પ્રાચી બોરા



દેશમાં 28મો ક્રમ મેળનાવર પ્રાચી બોરાએ જણાવ્યું હતું કે, શરૂઆતથી જ દરેક વિષય માટે ચોક્કસ આયોજન કરીને તૈયારી કરી હતી. તેના કારણે પરીક્ષાનું દબાણ ઓછું થયું અને ઓલ ઇન્ડિયા રેન્ક મેળવી શકી. સીએ ઇન્ટરમીડિયેટમાં મળેલી આ સફળતા બાદ હવે સીએ ફાઇનલ માટે મારી મહેનત અને એકાગ્રતા બમણી કરીશ.

## સુરતના ટોચના પાંચ વિદ્યાર્થીઓ

| વિદ્યાર્થી | સુરત રેન્ક |
|---|---|
| પ્રેમ અગ્રવાલ | 1 |
| મોક્ષ પરેશ જૈન | 2 |
| મિત જીગ્નેશ દુધાત | 3 |
| દ્વિતાલી રૂપાંગ ખાનસાહેબ | 4 |
| પ્રાચી બોહરા | 5 |
| કિશનલાલ બોહરા | |

## યોગ્ય સમયપત્રકથી મળી સફળતા: ક્રિશ ચુગ



દેશમાં 30મો ક્રમ મેળનાવર ક્રિશ ચુગે જણાવ્યું હતું કે, નિયમિત રીતે લક્ષ્ય નક્કી કરીને અભ્યાસ કરવો અને દરેક વિષયના તમામ ટોપિક્સના કોન્સેપ્ટ સ્પષ્ટ રાખવા એના કારણે જ આ રેન્ક મેળવી શક્યો છું. સીએ ફાઇનલમાં પણ આ જ લગન સાથે વધુ મહેનત કરીને રેન્ક મેળવવાનો પ્રયાસ કરીશ.

## સી.એ. આદિત્ય છાવછરિયાના બે વિદ્યાર્થીઓએ મેળવ્યો ટોપ-50માં ક્રમ



ઘોડદોડ રોડ સ્થિત સી.એ. આદિત્ય છાવછરિયાના માર્ગદર્શન હેઠળ પ્રેમ અગ્રવાલે 490 ગુણ સાથે દેશભરમાં ત્રીજો અને ક્રિષ ચુગે 454 ગુણ સાથે 30મો ક્રમ મેળવ્યો છે. નોંધનીય છે કે પ્રેમ અગ્રવાલે સી.એ. ફાઉન્ડેશનની પરીક્ષામાં પણ દેશભરમાં બીજો ક્રમ મેળવ્યો હતો. આ ઉપરાંત સંસ્થાના જશ મોટાણીએ 382, ઝૈનબ ખાંડવાલાએ 369 અને શિવહરિ ખોખાણીએ 341 ગુણ સાથે સી.એ. ઇન્ટરમિડિયેટની પરીક્ષા ઉત્તીર્ણ કરી છે.

# વીજસંકટને કારણે સુરતમાં આ દિવસે રોશની ઓછી જોવા મળે તેવી સંભાવના

**સરકારના** કરકસરથી વીજળી વાપરવાની અપીલને પગલે સરકારી કચેરીઓમાં આ વખતે ઓછા દિવસો રોશની થાય તેવી ચર્ચા

**એકમાત્ર** સુરતની ટેક્સટાઈલ માર્કેટે પાંચ દિવસ રોશની કરવાનો નિર્ણય કર્યો છે ત્યારે અન્ય માર્કેટો પણ તેને અનુસરે તેવી સંભાવના

**મનપા** કચેરીની સાથે બ્રિજ, સિગ્નેચર બ્રિજ, જાહેર માર્ગો પર પણ આ વખતે ઓછી રોશની થાય તેવી શક્યતા

સુરતઃ રાજ્યમાં ચાલી રહેલા વીજસંકટ અને ઉદ્યોગો પર વીજ ભારણ ઘટાડવાના પ્રયાસો વચ્ચે આ વખતે દિવાળીના પર્વ પર સુરત શહેર ફીકું પડી શકે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. દક્ષિણ ગુજરાતમાં વીજળીની માંગ અને પુરવઠા વચ્ચેના અસંતુલનને પગલે આગામી દિવસોમાં રોશની અને દીપોત્સવની ચમક પર કાપ મૂકાય તેવી પૂરી સંભાવના છે. જેમાં સરકારી કચેરીઓની સાથે કાપડ માર્કેટો, બ્રિજ સહિતના સ્થળો પર રોશની ક્યાં તો કરાય જ નહીં અથવા તો ઓછા દિવસ માટે કરવામાં આવે તેવી શક્યતા જોવાઈ રહી છે.

સુરતના મુખ્ય આર્થિક કરોડરજ્જુ સમાન ટેક્સટાઈલ માર્કેટ સેક્ટરમાં વીજ સંકટની સીધી અસર જોવા મળી રહી છે. DGVCL દ્વારા વીજળી બચાવવા માટે વિવિધ પગલાં લેવાયા છે ત્યારે ચર્ચા છે કે માર્કેટોમાં

...અનુસંધાન પાના ૧૫ પર

કોન્ટ્રાક્ટરો પાસેથી ટકાવારી લેવાનો મામલો CMO સુધી પહોંચ્યો

# ભાંડો ફૂટી જતાં IAS બોસે હાથ નીચેના કાર્યપાલક ઈજનેરોનો ઉધડો લીધાની ચર્ચા

**કાર્યપાલક** ઈજનેરે આખા ગામમાં પોતાના IAS બોસ માટે ટકાવારી માંગી લીધા બાદ હવે દેખાડા શરૂ

**સરકારના** 'ઓપરેશન ગંગાજળ'નો હિસ્સો નહીં બની જાય તે માટે IAS બોસે અધિકારીઓની મિટિંગ કરી ઉધડો લીધાની ચર્ચા

સુરતઃ સુરત મહાનગરપાલિકામાં ભ્રષ્ટાચાર અને કમિશનખોરીના ચકચારી પ્રકરણમાં નવો જ મોટો વળાંક આવ્યો છે. કોન્ટ્રાક્ટરો પાસેથી આઈએએસ બોસના નામે હાથ નીચેના કાર્યપાલક ઈજનેર દ્વારા ટકાવારી માંગવામાં આવી રહી હોવાની વિગતો બહાર આવ્યા બાદ ખુદ સંબંધિત આઈએએસ અધિકારી દ્વારા એવો દેખાડો કરાયો હતો કે જાણે પોતે ગંભીર નોંધ લીધી છે અને આજે પોતાના હાથ નીચેના કાર્યપાલક ઈજનેરોની મીટિંગ બોલાવીને તેમનો ઉધડો પણ લેવામાં આવ્યો હતો.

કહે છે કે, કાર્યપાલક ઈજનેર દ્વારા પોતાના IAS બોસ માટે ટકાવારી માંગવાનો મામલો મનપા કચેરીમાં ભારે ચર્ચાનો વિષય બનતાં અને આખો મામલો CMO સુધી પહોંચતાં આજે રોષે ભરાયેલા આઈએએસ બોસે પોતાના હાથ નીચેના સંકળાયેલા કાર્યપાલક ઈજનેરોને તાત્કાલિક બોલાવીને સખત શબ્દોમાં ખખડાવ્યા હતા. અધિકારીએ કડક ભાષામાં પૂછપરછ કરી હતી કે, 'મારા નામે કોન્ટ્રાકટરો પાસેથી નાણાં અને હપ્તા ઉઘરાવવાની હિંમત કોણે કરી?' અને આ પ્રકારે વહીવટ ચલાવીને તેમની ખોટી બદનામી કરવા બદલ ભારે નારાજગી વ્યક્ત કરી હતી. વહીવટી સ્તરે અધિકારીઓની આ બેઠકમાં ગરમાગરમી સર્જાઈ હોવાની પણ ચર્ચા છે. જોકે, કહે છે કે આ IAS બોસ દ્વારા એટલા માટે કાર્યપાલક ઈજનેરોનો ઉધડો લેવાનો 'કાર્યક્રમ' કરાયો કે પોતે ક્યાંય સરકારના 'ઓપરેશન ગંગાજળ'નો હિસ્સો નહીં બની જાય. જોકે, જે કાર્યપાલક ઈજનેર દ્વારા સેટિંગ કરાયું હતું તે આ મીટિંગમાં હાજર હતા કે કેમ?તેની વિગતો જાણવા મળી નથી.

કહે છે કે, આ કાર્યપાલક ઈજનેરે છેલ્લા કેટલાક સમયથી પોતાના વિભાગમાં જાણે ટકાવારીની દુકાન જ ખોલી નાખી હતી અને પોતાના IAS બોસની પણ ટકાવારી ઉમેરીને કામના કુલ 25 ટકાની કમિશનની ટકાવારી કરી દીધી હતી. સામાન્ય

...અનુસંધાન પાના ૧૫ પર

# CA પતિ દ્વારા AIનો અતિ ઉપયોગ પત્ની છૂટાછેડા લેવા માટે હાઈકોર્ટમાં

**સુરતના** સીએના લગ્નજીવનના વિવાદમાં કૃત્રિમ બુદ્ધિ ચર્ચાના કેન્દ્રમાં

**પત્નીએ** પતિ પર અતિશય નિર્ભરતાનો આક્ષેપ કર્યો, દીકરીની કસ્ટડી માટેની અરજી ગુજરાત હાઈકોર્ટે ફગાવી

અમદાવાદઃ રોજિંદા જીવનના નાના-મોટા નિર્ણયો લેવા માટે કૃત્રિમ બુદ્ધિ (AI) પર વધતી નિર્ભરતા ક્યારેક અંગત સંબંધોમાં પણ તણાવનું કારણ બની શકે છે. સુરતના એક ચાર્ટર્ડ એકાઉન્ટન્ટના દાંપત્યજીવનના

...અનુસંધાન પાના ૧૫ પર

## 2016માં લગ્ન, બે વર્ષની દીકરીની કસ્ટડીનો વિવાદ

સુરતના દંપતીએ વર્ષ 2016માં લગ્ન કર્યાં હતાં અને વર્ષ 2024માં તેમને ત્યાં દીકરીનો જન્મ થયો હતો. દાંપત્યજીવનમાં તણાવ વધતાં પત્ની મે 2026માં સાસરેથી અલગ થઈ હતી અને ઓગસ્ટમાં દીકરીને પોતાની સાથે લઈ ગઈ

...અનુસંધાન પાના ૧૫ પર

## કસ્ટડી બદલવા માટે હાઈકોર્ટનો ઇનકાર

ગુજરાત હાઈકોર્ટે અરજી ફગાવતાં જણાવ્યું હતું કે આ વિવાદમાં અનેક હકીકતો અંગે મતભેદ છે અને તેની તપાસ માટે વિસ્તૃત પુરાવાની જરૂર પડશે. આવી તપાસ સક્ષમ અદાલત સમક્ષ જ થઈ શકે છે. માત્ર બાળક માતાની સાથે રહે છે એટલા આધારે

...અનુસંધાન પાના ૧૫ પર

## ChatGPTના ઉપયોગ સામે પત્નીનો વાંધો

પત્નીએ પોતાના જવાબમાં આક્ષેપ કર્યો હતો કે પતિ ChatGPT પર વધુ પડતા આધાર રાખવા લાગ્યા હતા અને તેના આધારે વિવિધ બાબતો અંગે પોતાની માન્યતાઓ બાંધીને પત્ની સાથેના સંબંધોમાં તણાવ ઊભો કરતા હતા. અદાલતના આદેશમાં નોંધાયેલા પત્નીના જવાબ મુજબ, પતિએ 'મધર મેનિપ્યુલેટર', 'ડોટર થીફ' અને 'ફાધર સ્પાઇનલેસ' જેવા શબ્દપ્રયોગો પણ કર્યા હતા. પત્નીના જણાવ્યા પ્રમાણે, એપ્રિલ 2025માં પતિને એક દંતચિકિત્સક પ્રત્યે એકતરફી રોમેન્ટિક લગાવ થયો હોવાનો મુદ્દો પણ વિવાદમાં સામે આવ્યો હતો.

...અનુસંધાન પાના ૧૫ પર

ગત વર્ષે 10 સંસ્થાનો માવો વાંધાજનક હતો ત્યારે હવે આ વર્ષે ચંદી પડવા સંદર્ભે સુરત મનપાએ

# માવાના 15 નમૂના લીધા, 8 ફેઈલ જતાં કેસ

**ફેઈલ** માવામાં દૂધનું પ્રમાણ ઓછું અને વેજિટેબલ ફેટની હાજરી મળી આવી

સુરતઃ આગામી ચંદી પડવાના તહેવારને ધ્યાનમાં રાખીને સુરત શહેરમાં ખાણી-પીણીની ચીજવસ્તુઓની ગુણવત્તા ચકાસવા માટે ફૂડ વિભાગ દ્વારા વિશેષ ઝુંબેશ

...અનુસંધાન પાના ૧૫ પર



## ગયા વરસે ફુડ વિભાગે લીધેલા 22 પૈકી 8 સંસ્થાના 10 નમૂના સબ-સ્ટાન્ડર્ડ જાહેર થયેલા

ગત વર્ષે ચંદી પડવા માટે કરાયેલી આરોગ્ય વિભાગની ખાસ ડ્રાઈવમાં દૂધના માવાના કુલ ૨૨ નમૂના લેવામાં આવ્યા હતા. જેમાંથી ૧૦ જેટલા નમૂના ફૂડ સેફ્ટી એન્ડ

...અનુસંધાન પાના ૧૫ પર

## અબ્રામા રોડની મહાવીર ઓઈલ ઈન્ડસ્ટ્રિઝનો ઘીનો નમૂનો ફેઈલ જતાં કાયદેસરની કાર્યવાહી શરૂ

આ ઉપરાંત, અગાઉ તારીખ 11/10/2026 ના રોજ બાતમીના આધારે ઉત્રાણ પોલીસ સ્ટેશનના ડી સ્ટાફ અને ફૂડ વિભાગની ટીમ દ્વારા સંયુક્ત તપાસ હાથ ધરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન અબ્રામા રોડ પર આવેલી મહાવીર ઓઇલ ઇન્ડસ્ટ્રીઝમાંથી ઘીનો નમૂનો લેવામાં આવ્યો હતો. આ નમૂનાનું પૃથ્થકરણ કરવામાં આવતાં તે ધારાધોરણ મુજબનું ન હોવાનું અને સબસ્ટાન્ડર્ડ હોવાનું બહાર આવ્યું છે. લેબ રિપોર્ટમાં ઘીની અંદર રીસર્ચ મૈસલનું પ્રમાણ નિર્ધારિત ધોરણો

...અનુસંધાન પાના ૧૫ પર

## માવાના નમૂના લેવામાં આવેલી સંસ્થાઓની યાદી

- કૃષ્ણ માવા ભંડાર (રૂવાલા ટેકરા, પીરચડી રોડ)
- સુરજ માવા ભંડાર (મહિધરપુરા, પીરછડી રોડ)
- મેસર્સ દુર્લભભાઈ છગનલાલ માવાવાળા બરનપુરી (ભાગલ)
- MS શ્રીનાથજી ચુનીલાલ માવાવાલા (ભાગલ શાક માર્કેટ પાસે, બરાનપુરી, ભાગલ)
- શ્રી કનૈયા ડેરી અને મીઠાઈઓ (ક્રિષ્ના કોમ્પ્લેક્સ, વિશાલનગર, કતારગામ)
- જૈન માવા ભંડાર (પીરછડી રોડ, હરીપુરા)
- MS શંકર માવાવાળા (તતીયા હનુમાન મંદિર પાસે, હરીપુરા): ગયા વરસે નમૂના સબસ્ટાન્ડર્ડ જાહેર થયેલા
- જય અમ્બે માવા ભંડાર (નાની છીપવાડ, અમ્બાજી રોડ): ગયા વરસે નમૂના સબસ્ટાન્ડર્ડ જાહેર થયેલા
- ઓમ બંસી માવા ભંડાર (ભાગલ, સુરત)
- દ્વારકેશ ડેરી એન્ડ સ્વીટ્સ (રાજ હાર્મોની, ઉગત ભેસાણ કેનાલ રોડ, જહાંગીરાબાદ)

...અનુસંધાન પાના ૧૫ પર

દિવાળી સુધી દર રવિવારે માર્કેટ ખુલ્લું રહેશે.
બોમ્બે માર્કેટ ઉમરવાડા, સુરત-૧૦
લગ્ન પ્રસંગ-પાર્ટીવેરની તદ્દન નવી વેરાયટી, ડિઝાઈનર સાડીઓ ચણીયા ચોળી, બાંધણી, મેચીંગ સેન્ટર, ડ્રેસ મટીરીયલ, કીડ્સ વેર, શુટીંગ-શર્ટીંગ શુટ અને શેરવાની, હેન્ડલુમ, ફર્નીશીંગ
• વ્યાજબી ભાવ. • પસંદગીની સરળતા. • ATM તથા વિશાળ પાર્કીંગ ની સુવિધા • ૨૫૦ સીટનો A/C કોન્ફરન્સ હોલ સુવિધા ઉપલબ્ધ
બોમ્બે માર્કેટ માં ફિઝિયોથેરાપી સેન્ટર તથા હોમીઓપેથી કિલનિક માં રાહત દરે સારવાર ઉપલબ્ધ છે.



સામી દિવાળીએ હીરામાં તેજી છતાં હીરા કારખાનેદારનું ઉઠમણું

# કારખાનેદાર 30 રત્નકલાકારોનું વેતન ચૂકવ્યા વિના ભાગી છૂટ્યો

**વરાછાની** કોહિનૂર સોસા. માં ચાલતા મારુતિનંદન ડાયમંડના સંચાલકે પાસેથી રત્નકલાકારોના 10 લાખ લેવાના બાકી

**યુનિયનની** ફરિયાદ નોંધાવી કડક કાર્યવાહીની માંગ

સુરતઃ દિવાળીના તહેવારને આડે હવે ગણતરીના દિવસો બાકી છે અને હીરા ઉદ્યોગમાં તેજીનો માહોલ છે ત્યારે જ સુરતમાં વરાછા રોડ સ્થિત સવાણી કોહિનૂર સોસાયટીમાં ચાલતા 'મારુતિ નંદન ડાયમંડ' નામના હીરાના કારખાનાના સંચાલકે 30થી વધુ રત્નકલાકારોનો લાખો રૂપિયાનો બાકી પગાર ચૂકવ્યા વગર જ અચાનક

...અનુસંધાન પાના ૧૫ પર

**દુઃખદ અવસાન બેસણું**



સ્વ. હિતેશભાઈ રમણભાઈ પટેલ
સ્વ.તા. 22.10.2026

દિલગીરી સાથે જણાવવાનું કે મારા પુત્ર હિતેશભાઈ રમણભાઈ પટેલનું તા.22.10.2026ને ગુરુવારના રોજ દુઃખદ અવસાન થયું છે. પ્રભુ સદ્દગતના આત્માને ચીર શાંતિ અર્પે એવી પ્રાર્થના.

બેસણું:- સદ્દગતનું બેસણું તા. 26.10.2026 ને સોમવારના રોજ તેમના નિવાસસ્થાન ખાતે બપોરે 2:00 થી 4:00 દરમ્યાન રાખવામાં આવેલ છે.

લિ.
રમણભાઈ લલ્લુભાઈ પટેલ | ઠાકોરભાઈ લલ્લુભાઈ પટેલ
વસંતભાઈ લલ્લુભાઈ પટેલ | છોટુભાઈ લલ્લુભાઈ પટેલ
સતિષ પ્રેમાભાઈ પટેલ

નિવાસસ્થાનઃ શ્રી વિનાયક હોમ્સ, બી વિંગ, આઈટીઆઈની સામે, આંતલીયા, બીલીમોરા. મો.નં. 9860428340

**અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા**

ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**અશ્રુભીની શ્રદ્ધાંજલિ**



સ્વ. હર્ષદભાઈ કનૈયાલાલ મશરૂવાલા
સ્વર્ગ-વાસઃ ૧૬/૧૦/૨૦૨૫

જીવનમાં એક સારો અને વહાલો મિત્ર ગુમાવવાનું જે દુઃખ છે, તે ક્યારેય શબ્દોમાં વર્ણવી શકાય તેમ નથી. ભાઈબંધ! તમારી વિદાયથી અમારા જીવનમાં ક્યારેય ન પુરાય તેવી ખોટ પડી છે. તમારી એ સ્નેહાળ મૂર્તિ, ખડખડાટ હાસ્ય અને નિઃસ્વાર્થ મિત્રતા હંમેશા અમારા હૃદયમાં જીવંત રહેશે! પરમ કૃપાળુ પરમાત્મા તમારા દિવ્ય આત્માને શાંતિ આપે અને આ આઘાત સહન કરવાની પરિવારજનોને શક્તિ આપે એ જ પ્રાર્થના.

લિ.
રાજેન્દ્રકુમાર નટવરલાલ મશરૂવાલા
શારદાબેન રાજેન્દ્રકુમાર મશરૂવાલા
નિરવ મશરૂવાલા | રોશની મશરૂવાલા
જીજ્ઞેશ મશરૂવાલા | ધ્રુવીશા મશરૂવાલા
દર્શના ધારીયા | મયુરકુમાર ધારીયા
બાળકો: ધ્રુવમ્, વર્ધન, દક્ષલ, જાનવી, પર્લ
સમગ્ર મશરૂવાલા તથા ધારીયા પરિવાર
અને સ્નેહીજનો તરફથી શ્રદ્ધાંજલિ

**શ્રી સુરતી મોઢ વણિક અવસાન**



સ્વ. રમેશચંદ્ર ભાઈચંદભાઈ ગોળવાલા
સ્વ. તા. ૨૨/૧૦/૨૦૨૬

દિલગીરી સાથે જણાવવાનું કે અમારા વડીલશ્રી / પિતાશ્રી રમેશચંદ્ર ભાઈચંદભાઈ ગોળવાલા (ઉ.વ. ૮૬)નું ગુરૂવાર, તા. ૨૨/૧૦/૨૦૨૬ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ તેમના દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે એજ પ્રાર્થના.

: સદ્દગતની અંતિમ યાત્રા :
શુક્રવાર, તા. ૨૩/૧૦/૨૦૨૬ ના રોજ સવારે ૮:૩૦ કલાકે અમારા નિવાસસ્થાન ૮/૩૯૯, ચાંલ્લાવાડ, નવસારી બજાર, સુરત ખાતેથી નીકળી રામનાથ ઘેલા સ્મશાન ભૂમિ, ઉમરા, સુરત મુકામે જશે.

: સદ્દગતની પ્રાર્થના સભા :
શુક્રવાર, તા. ૨૩/૧૦/૨૦૨૬ ના રોજ સાંજે ૫ થી ૬ કલાક દરમ્યાન બીજા માળે, શ્રી મોઢ વણિક ભવન, સૂર્યમ્ રેસિડન્સીની ગલીમાં, પાલ, સુરત ખાતે રાખેલ છે.

લિ. શોકાતુર પરિવાર
ગં.સ્વ.મંજુલાબેન રમેશચંદ્ર ગોળવાલા
ઈલાક્ષીબેન અને દિનેશચંદ્ર ભાઈચંદભાઈ ગોળવાલા
અંજુ અને જયેશ રમેશચંદ્ર ગોળવાલા
હીના અને ચેતન રમેશચંદ્ર ગોળવાલા
નીતા અને કિરીટકુમાર સોપારીવાલા
રીટા અને સ્વ.અશ્વિનકુમાર સુખારામવાલા
સમસ્ત ગોળવાલા પરિવાર